**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૦/૦૪/૨૦૧૮ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૮૮/૧૮

**રીક્ષા ચોરી કરતા આરોપીઓને પકડી ઓટો રીક્ષાની કિમત રુ ૩૦,૦૦૦/- તથા અંગ ઝડતી તપાસ દરમ્યાન એક પ્લાસ્ટીકના હાથા વાળો છરો જેની કિમત રુ ૫૦/- ગણી તથા એક લોખંડનો દોઢ ફુટનો સળીયો જેની કિમત રુ ૫૦/- મળી કુલ્લે રુ ૩૦,૧૦૦/-નો મુદામાલ રીકવર કરતી વેજલપુર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર**

આજરોજ ખાસ પોલીસ કમીશનર સેકટર ૧ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમીશનર સાહેબ શ્રી ઝોન ૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશનર સાહેબ શ્રી એમ ડિવીઝન સાહેબ નાઓએ મૌખીક સુચના આપેલ કે વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તેમજ લુટના ગુન્હાઓ બનતા અટકાવવા સારુ તેમજ બનેલ મીલકત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા સારુ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવા સારુ અમારા સીધા માર્ગદર્શન હેઠળ પો સબ ઇન્સ આર ડી રોહીત તથા પ્રો પો સબ ઇન્સ એ ડી દેસાઇ સા તથા બીજા સ્ટાફના માણસો સાથે પો સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો કોન્સ ભરતભાઈ પરથીભાઈ બનં ૮૯૮૯ તથા પો કોન્સ કિરીટસિહ દિપસિહ બનં ૬૮૮૩ નાઓની બાતમી હકિકત આધારે આરોપીઓ નામે (૧) મોહંમદ જુનેદ ઉર્ફે બીટ્ટુ મહેમુદમિયા સૈયદ ઉ.વ. ૨૦ રહે ઘર નં બી/૫ શાહીન રો-હાઉસ એચ.પી. પેટ્રોલપંપની પાછળ સોનલ સિનેમા રોડ જુહાપુરા અમદાવાદ શહેર તથા (૨) આકિબ ઉર્ફે ધુડુમ ઈમ્તિયાઝભાઈ મન્સુરી ઉ.વ. ૨૦ રહે ઘર નં ૧૦ અલ ખૈબર ડુપ્લેક્ષ નેહા ફ્લેટની બાજુમાં સોનલ સિનેમાની સામે જુહાપુરા અમદાવાદ શહેર નાઓની પાસેથી ઓટોરીક્ષા નં GJ-01-AZ-5281 કિમત રુ ૩૦,૦૦૦/- તથા એક પ્લાસ્ટીકના હાથા વાળો છરો જેની કિમત રુ ૫૦/- ગણી તથા એક લોખંડનો દોઢ ફુટનો સળીયો જેની કિમત રુ ૫૦/- મળી કુલ્લે રુ ૩૦,૧૦૦/-ની મતાનો મુદામાલ વેજલપુર પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૪૫/૧૮ ધી ઇ પી કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના કામે રીકવર કરી સદરી આરોપીને તા ૯|૦૪|૨૦૧૮ ના કલાક ૨૦|૪૫ વાગે પકડી અટક કરી ગુન્હાનો ભેદ ઉકેલી પ્રશંસનીય તથા ઉમદા કામગીરી કરેલ છે તા ૦૯|૦૪|૨૦૧૮

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

“આઈ” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, “આઈ” ડીવીઝન ટ્રાફીક પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ











નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.